જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૯/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૫૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૪૩	૬	૧૧૬૪૯	૧૭૭૫૪	૬	૧૭૭૬૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૦૪૮૬	૭૧	૭૦૫૫૭	૭૧૪૫૭	૬૯	૭૧૫૨૬
કુલ		૮૬૯૭૦	૭૭	૮૭૦૪૭	૯૫૮૬૭	૭૫	૯૫૯૪૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૪	૩,૯૫,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૬૨	૧૦,૬૨,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર વી ડી ઝાલા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

હસમુખ ઉર્ફે મલીયો સ/ઓ કાળીદાસ મગનભાઇ જાતે-ઠાકોર ઉ.વ. ૨૫ રહે. છના ગગાની ચાલી મુકેશનગર બસ સ્ટેન્ડ સામે અંબીકાનગર ઓઢવ અમદાવાદ શહેર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

(૧) ઓઢવ પો સ્ટે ગુ ૨ નં સી/૧૧૧૯૧૦૩૭૨૦૧૦૬૩/૨૦૨૦ પ્રોહી ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી, ૬૫(ઇ), મુજબ (૨) ઓઢવ પો સ્ટે ગુ ૨ નં સી/૧૧૧૯૧૦૩૭૨૧૦૦૭૫/૨૦૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી, ૬૫(ઇ), ૮૧ , ૯૮ (૨) મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૪૯૫/૨૦૨૧ તા.૦૯/૦૯/૨૦૨૧ તથા બજવણી તા. ૦૯/૦૯/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે :- રાજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી એસ વી પટેલ તથા પો. કો જયેશભાઇ પાલાભાઇ બ.નં. ૭૩૮૮ તથા પરીમલ મોહનભાઇ બ.નં. ૧૨૯૬૨



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૫૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૮ વ્યક્તિઓને ઝડપી, ૨૭૪ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૧૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન અને અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૩૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૫૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૬૫૬/૨૦૨૧**

સાયબર ક્રાઈમઃ અતુલભાઈ જયંતીલાલ દવે (ઉ.વ.૬૧) (રહે. તક્ષશિલા ટાવર માનસી સર્કલ પાસે વસ્ત્રાપુર) એ તા.૦૯/૦૯/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે અતુલભાઈ પેટીએમ એપ વાપરતા હોઈ તા.૨૩/૦૧/૨૦૨૧ ના રોજ અતુલભાઈના મોબાઈલ પર પેટીએમની વેલીડીટી પુરી થવાનો મેસેજ આવેલ અને પેટીએમ અપડેટ માટે મોબાઈલ નંબર ૬૨૮૯૦૦૭૦૮૭ આપેલ હતો. જેથી અતુલભાઈ દવે એ તા.૨૪/૦૧/૨૦૨૧ ના રોજ મેસેજમાં આપેલ ફોન નંબર પર પેટીએમ કેવાયસી અપડેટ કરવા માટે મોબાઈલ નંબર ૬૨૮૯૦૦૭૦૮૭ પર સંપર્ક કરતા મોબાઈલ ધારકે પેટીએમના કર્મચારીની ઓળખ આપી પોતાનુ નામ દિપક શ્રીવાસ્તવ જણાવી તેઓએ પેટીએમ અપડેટ માટેની પ્રોસેસ કરવાનુ જણાવી અતુલભાઈ દવેનુ આધાર કાર્ડ તેમજ બેંકની માહીતી મેળવી અતુલભાઈના બેન્ક ખાતાઓમાંથી કુલ રૂપિયા ૫,૮૪,૭૭૫/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ અર્પીત યશવંતકુમાર પટેલ (ઉ.વ.૩૪) (રહે. નંદનવન બંગ્લોઝ ઝાયડસ હોસ્પીટલ પાસે થલતેજ) એ તા.૦૯/૦૯/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૦૮/૨૦૨૧ બપોરના ૪/૨૦ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૭૮૯૫૩૨૬૯૧૩ ના ધારકે અર્પીત પટેલને ફોન કરી “ગણપતિ ફાયનાન્સ” બેંગ્લોરથી વાત કરતા હોવાની ઓળખ આપી અર્પીય પટેલને “ગણપતિ ફાયનાન્સ”મા લોન માટે રીકવેસ્ટ મુકી હતી? તેવુ પુછતા અર્પીત પટેલે રીક્વેસ્ટ મુકેલાનુ જણાવી લોન એમાઉન્ટ આપતા નથી તેમ કહેતા ફોન પર વાત કરનાર વરૂણ ખન્ના, પ્રિયા શર્મા તથા ઓમકાર શર્મા નામની વ્યક્તિએ લોન પાસ કરવાનુ જણાવી પ્રોસેસ માટે ઓનલાઇન રૂપિયા ૬૨,૪૯૭/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

કૃષ્ણનગરઃ હિતેશ જયસુખભાઇ ગજેરા (ઉ.વ.૩૦) (રહે. લક્ષ્મીનારાયણ સોસાયટી વેરાના કાંઠે ઠકકરનગર રોડ ઠક્કરનગર) એ તા.૦૯/૦૯/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૮/૨૦૨૧ ના રોજ હિતેશ ગજેરાના મોબાઈલમાં ફેસબુક એપ પર લીંક આવતા જે લીંક ઓપન કરતા જેમાં કેટલી લોનની જરૂરીયાત છે અને જરૂરીયાત હોય તો નામ-સરનામુ મોબાઈલ નંબર અને રકમ દર્શાવવાનુ જણાવેલ જેથી હિતેશ ગજેરાએ નામ-સરનામુ, મોબાઈલ નંબર સબમીટ કરી તેમજ રૂપિયા ૫,૦૦,૦૦૦/- લોનની જરૂરીયાત જણાવતા તા.૨૩/૦૮/૨૦૨૧ થી તા.૨૪/૦૮/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૮૫૮૫૦૪૦૧૯૧ અને ૮૫૮૩૦૧૭૦૬૪ ના ધારકે હિતેશ ગજેરાને ફોન કરી બજાજ ફાયનાન્સમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી હિતેશ ગજેરાની લોન પાસ થઈ હોવાનુ જણાવી લોનની પ્રોસેસ માટે પાનકાર્ડ, આધારકાર્ડ માંગણી કરી લોન પેટે અલગ-અલગ ચાર્જ જણાવી ઓનલાઇન કુલ રૂપિયા ૬૦,૮૪૦/- ટ્રાન્સફર કરાવી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.જે.ચૌહાણ ચલાવે છે.

<u>આત્મહત્યા:-</u> **<u>સમાચાર યાદી નં.૧૬૫૭/૨૦૨૧</u>**

સોલા હાઈકોર્ટઃ અશ્વિનભાઇ જગાભાઇ પરમાર (ઉ.વ.૪૦) (રહે. વસંતનગર ટાઉનશીપ કબુતરખાના ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૯/૨૦૨૧ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરસિંહભાઇ નાનજીભાઇ ચલાવે છે.

કૃષ્ણનગરઃ જિગ્નેશભાઇ પ્રકાશભાઇ વાઘેલા (ઉ.વ.૩૧) (રહે. ઓર્કીડ એલીગન્સ, એસ.એમ હિન્દી હાઇસ્કુલ પાસે નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૯/૨૦૨૧ સાજના ૬/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં શાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર મણીલાલ ચલાવે છે.

ખોખરાઃ જોનસનભાઇ વિલ્સનભાઇ ક્રિશ્ચિયન (ઉ.વ.૪૭) (રહે. બાબુભાઇ રબારીની ચાલી રબારીવાસ લાલભાઇ સેન્ટર સામે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૯/૨૦૨૧ સાંજના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બારી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.ચુડાસમા ચલાવે છે.

નારોલઃ વિનોદભાઇ જેઠાભાઇ પટેલ (ઉ.વ.૫૬) (રહે. દેવ માણેક રેસીડન્સી સ્મશાનની બાજુમાં વટવા કેનાલ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૮/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૯/૨૦૨૧ રાતના ૮/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી